# 'નારદપુરાણ 'ના આખ્યાનો : સમીક્ષાત્મક અધ્યયન અને સાંપ્રત – ઉપયોગિતા

ચૈતન્ય ડી. ત્રિવેદી
રીસર્ચ સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજ. યુનિવર્સીટી, પાટણ

ડૉ. સમીરકુમાર પ્રજાપતિ
એસો. પ્રોફેસર,(સંસ્કૃત વિભાગ)
સંશોધન માર્ગદર્શક,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજ. યુનિવર્સીટી, પાટણ

## ભૂમિકા

ૠગ્વેદનાં સૂક્તોમાં આખ્યાનનાં મૂળ જોવા મળે છે. તેમાં ઈન્દ્ર, મરુત, અગ્નિ, વરુણ, સવિતા ઈત્યાદી દેવોની અર્ચના કરતાં પ્રશસ્તિસૂક્તો મળી આવે છે. યજ્ઞ પ્રસંગે આ સૂક્તો ઉચ્ચારવામાં આવતાં; જેમાં એ સંબંધી ક્રિયાઓમાં વિવિધ દેવોનાં નામ તથા એમના સ્વરૂપ વિશેની સ્પષ્ટતા અને વિવરણ કરવામાં આવ્યાં છે. આ અંગે કેટલીક રસિક આખ્યાઈકાઓ પણ કહેવામાં આવી છે. આ જ આપણા આખ્યાનોનું પ્રાચીનતમ સ્વરૂપ હોઈ શકે. આખ્યાન શબ્દની વિભાવના નીચે મુજબ પ્રસ્તુત છે.

•आख्यान :-आ + ख्या - भावे ल्युट्। कथने "आख्याने पूर्ववृत्तोक्तिः।"[1]

•आख्यानं :- कथनं । यथा..

कथितं षष्ठ्युपाख्यानं ब्रह्मपुत्र यथागमं ।
देवी मंगलचंडी या तदाख्यानं निशामय ।।[2]

•आख्यान (न०) :- कथनं, घोषणा, विगप्ति, सूचना, पूर्ववृत्तोक्ति, कहानी, किस्सा, उत्तर।[3] એમ ઘણા બધા અર્થ 'संस्कृत शब्दार्थ कौस्तुभ' માં આપ્યા છે.

•Akhyana: The communication of a previous event. (in a Drama)[4]

આખ્યાન અને ઉપાખ્યાન વિશે વિદ્વાનોએ ચોક્કસ લક્ષણો આપ્યાં નથી. પરંતુ આખ્યાન- ઉપાખ્યાન વિશે વિદ્વાનોના અલગ-અલગ મતો જોવા મળે છે. પોતાનાં સ્વજનનાં મૃત્યુ પછી કે શ્રાદ્ધ પ્રસંગે પણ આખ્યાનો વાંચતા હતા એવો ઉલ્લેખ પુરાણોમાંથી મળે છે. સંસ્કૃત વિવેચન ગ્રંથોમાં આખ્યાન સ્વરૂપની એક સ્વતંત્ર કાવ્યપ્રકાર તરીકે ચર્ચા કરવામાં આવી છે.....

स्वाध्यायं श्रावयेन्पित्र्ये धर्मशास्त्राणि चैव हि ।
आख्यानानितिहासांश्च पुराणानि खिलानी च ||[5]

---

[1] वाचस्पत्यम्, प्रथमोभागः, पृ.631

[2] शब्दकल्पद्रुम प्रथमोभाग: पृ.165

[3] संस्कृत शब्दार्थ कौस्तुभ पृ. 175

[4] Sir monier Williams,Sanskrit-English Dictionary, page.129

સાહિત્યદર્પણકાર વિશ્વનાથે આર્ષ મહાકાવ્યમાં સર્ગ "આખ્યાન"ની સંજ્ઞાથી ઓળખાય છે એમ વ્યાખ્યા આપી છે.

"अस्मिन्नार्षे पुन: सर्ग भवन्त्याख्यासंज्ञका।"[6]

આખ્યાન શબ્દનો પ્રયોગ કાત્યાયને પોતાના વાર્તિક आख्यानाख्यायिकेतिहासपुराणेभ्यश्चમાં કર્યો છે. એનું ઉદાહરણ ભાષ્યકારે यावक्रीतिक: અને यायातिक: આપ્યા છે. यावक्रीतનું આખ્યાન વનપર્વ અધ્યાય ૧૩૬-૧૪૦માં આપ્યું છે. જયારે યયાતિનું આખ્યાન તો અતિપ્રસિદ્ધ છે. ઘણા બધા પુરાણોમાં યયાતિનું આખ્યાન થોડેવત્તે અંશે જોવા મળે છે.[7] ઐતરેયબ્રાહ્મણમાં કહ્યું છે તેમ શુન:શેપ વગેરેની કથાઓ રાજસૂય, અશ્વમેધ વગેરે યજ્ઞો વખતે કહેવામાં આવતી એનો શાંખાયનસત્ર(16/1)માં ઉલ્લેખ મળે છે. રાજસૂય યજ્ઞ દરમ્યાન હોતા શુન:શેપાખ્યાન કહે છે. એક વર્ષ માટે યજ્ઞનો અશ્વ છૂટો મુકવામાં આવતો તે સમયે આખ્યાન, કથા કહેવામાં આવતી. આ કથા કહેનારા 'ऐतिहासिका:' કે 'आख्यानविद:'તરીકે ઓળખાતા અને કથાનાં અંતે તેઓ ફલશ્રુતિ પણ આપતા.સંસ્કૃત સાહિત્યમાં આખ્યાનનો અર્થ સ્પષ્ટ નથી તેમજ તેનાં લક્ષણો પણ ચોક્કસ રીતે આપ્યા નથી. સાહિત્યદર્પણકાર વિશ્વનાથ આખ્યાનની વ્યાખ્યા આપતાં કહે છે જે "आख्यानं पूर्ववृतोक्ति।"[8] અર્થાત " પૂર્વે બની ગયેલા બનાવોનું કથન તે આખ્યાન" આટલીજ વ્યાખ્યા છે. મહાભારત આખ્યાન ઉપાખ્યાનથી ભરેલો ગ્રંથ છે……

त्रिभिवर्षे सदोत्थायी कृष्णद्वैपायनो मुनि ।
महाभारतमाख्यानं कृतावानिदमुतमम् ।।[9]

મહાભારત ગ્રંથને આખ્યાન ગ્રંથ તરીકે જ ઓળખવામાં આવે છે.

अनाश्रीत्येदमाख्यानं कथाभुवि न विद्यते।[10] અને इदं कविवरे: सर्वेराख्यानमुपजीव्यते..।[11]મહાભારતમાં અલગ-અલગ જગ્યાએ વૈદિક આખ્યાનોમાંથી વિસ્તાર પામેલા તથા નવા રચાયેલા હોય એવા ઘણા આખ્યાનો અને ઉપાખ્યાનો જોવા મળે છે. મહાભારત અને વેદોના આ આખ્યાનો પુરાણોમાં વિસ્તાર પામ્યાં છે. સ્કન્દપુરાણ પ્રમાણે પુરાણનાં પાંચ અંગો સિવાય બીજા જે વિષયો છે, તે આખ્યાન નામથી પ્રસિદ્ધ છે. "पञ्चाङ्गानि पुराणस्य चाख्यानमितरत स्मृतं। [12]આથી સ્પષ્ટ થાય છે કે પુરાણનું ક્ષેત્ર વ્યાપક હતું. જેમાં આખ્યાનનો પણ સમાવેશ થાય છે. પુરાણોમાં ધાર્મિક આખ્યાનો, શૂરવીરતાનાં આખ્યાનો,

---

5 મનુસ્મૃતિ,3/232

6 સાહિત્ય દર્પણ,પરિચ્છેદ, 6/325

7 पुराणविमर्श,पृ.67

8 સા.દ.પરિ.,6/221

9 મહાભારત,આદિપર્વ.66/32

10 એજન.,2/37

11 એજન.,2/389

12 पु.विम.,पृ.71

કર્મનિષ્ઠાનાં આખ્યાનો એમ અનેક પ્રકારનાં આખ્યાનો જોવા મળે છે. જેમાં કેટલાંક આખ્યાનો ખૂબ જ લોકપ્રિય છે. યયાતિ ચરિત્ર, દક્ષયજ્ઞધ્વંસ, ધ્રુવચરિત, મદનદહન, લિંગોદ્ભવ, પ્રહ્લાદ વગેરે.

આખ્યાન અને ઉપાખ્યાન બન્ને શબ્દોના અર્થનાં વિષયમાં થોડાઘણા મતભેદો છે. પણ આપણે એટલું અવશ્ય કહી શકીએ કે બન્ને સ્થાનકોનું જ સુચન કરે છે.

स्वयं दृष्टार्थकथनं प्राहुराख्यानकं बुधाः ।
श्रुतस्यार्थस्य कथनमुपाख्यानं प्रचक्षते ||[13]

જાતે જોયેલા પ્રસંગનું વર્ણન અર્થાત્ આખ્યાન અને બીજા દ્વારા સાંભળવામાં આવેલા અનુભવ ન થયા હોય તેવા પ્રસંગોનું વર્ણન ઉપાખ્યાન કહેવાય છે. આખ્યાનો ઉપાખ્યાનો દ્વારા લેખક વાચકનાં મગજમાં પોતાનાં વિચારો સરળતાથી પહોંચાડી શકે છે અને પાઠકો પણ એ વિચારોને સહેલાઈથી ગ્રહણ કરી શકે છે. આખ્યાનો ઉપાખ્યાનો કથા-વાર્તા જેવાં હોવાથી તેને કહેવા તથા સાંભળવામાં આનંદ આવે છે. આ આખ્યાનો-ઉપાખ્યાનોના સારરૂપે ભક્તિ, જ્ઞાન, કર્મનિષ્ઠતા, વૈરાગ્ય વગેરે પ્રકાશિત થયેલા જોવા મળે છે. આખ્યાનો અને ઉપાખ્યાનોનો પ્રસાર બે રીતે થયેલો જોવા મળે છે. કથન તથા અભિનય-કથન શૈલી દ્વારા. આખ્યાનકાર શ્રોતા સમક્ષ જયારે આખ્યાન રજુ કરે ત્યારે સ્વાભાવિક રીતે મૂળ આખ્યાનોમાં અનેક પરિવર્તન થવાની સંભાવના હોય છે. આ આખ્યાનો ઉપાખ્યાનો મનોરંજન સાથે પુરાકથાઓનું જ્ઞાન લોકો સુધી પહોંચાડે છે. સાહિત્યમાં આખ્યાનોનું સંક્રમણ સંવાદો દ્વારા થયેલું જોવા મળે છે. વેદકાળથી પુરાકાળ સુધીમાં શ્રોતા પ્રશ્ન કરે છે અને વક્તા તેનો ઉત્તર આપે છે.

તીર્થ યાત્રા સમયે યાત્રિકો જ્યાં વિશ્રામ કરે ત્યાં પરસ્પર શું જોયું ? શું સાંભળ્યું ? શું શું જાણ્યું ? આવા પ્રશ્નોના ઉત્તરમાં પણ કહેવાયેલી કથાઓ પણ ઉપાખ્યાન સ્વરૂપે જન્મેલી છે. આથી આખ્યાન તથા ઉપાખ્યાન પુરાકથા કે પુરાણકથા બની ચૂકેલી છે. આવી કથાઓ માટે આંગ્લ ભાષામાં મિથ કે મિથક શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. પુરાકલ્પન, પુરાકથા, પુરાગાથાનું મૂળ મિથ છે. મિથ અંગ્રેજી શબ્દ છે. Myth, Mythology શબ્દો મૂળ લેટીન Mythos ઉપરથી ઉતરી આવ્યા છે. ડો.હજારી પ્રસાદ દ્વિવેદીએ આ માટે મિથક શબ્દ પ્રયોજ્યો છે. સામાન્ય રીતે પુરાકથા તરીકે Myth સમજવામાં આવતો હોવાથી પુરાકથાની વિભાવના તથા હેતુ વિશે જોઈએ.

નારદપુરાણકારે સામાન્ય માણસ પણ જ્ઞાનને પચાવી શકે તે પ્રમાણે પોતાના ઉદ્દેશ્યો રજૂ કર્યા છે અને તેઓ પોતાના ઉદ્દેશ્યોને સામાન્ય જનમાનસ સુધી પહોંચાડવામાં સફળ પણ રહ્યા છે.

અહીં રજૂ થયેલા આખ્યાનોમાં શિવ તથા વિષ્ણુ બન્નેનું મહાત્મ્ય જોવા મળે છે. માર્કંડેયપુરાણમાં ભગવાન વિષ્ણુ પ્રત્યેની અતુટ ભક્તિ અને વિશ્વાસ રજૂ થયેલા છે. માર્કન્ડેયની ભક્તિના પ્રતાપે જ એમને પુરાણસંહિતા રચવાનું વરદાન મળ્યું. તો બાહુના આખ્યાનમાં અંહકારના કારણે બાહુનો નાશ થાય છે. જયારે મનુષ્ય

13 એજન.,પૃ. 66

અહંકારના રથપર સવાર થાય છે. ત્યારે દરેક તરફથી એનું અધ:પતન જ થાય છે. અહંકારનું મુખ્ય કારણ સત્તા, સંપત્તિ અને યૌવન વગેરે છે. આ બાબતે કહેવાયું છે કે,

यत्र श्रीयौवनं वापि शारदा वापि तिष्ठति ।तत्र
श्रीवृद्धता नित्यं मूर्खत्वं चापि जायते ||[14]

અર્થાત્ "જ્યાં સંપત્તિ, યૌવન અથવા સરસ્વતીનો વાસ હોય છે ત્યાં દરિદ્રતા, વૃદ્ધતા અને મૂર્ખતા પણ હોય છે." આની પાછળ પુરાણકારનો હેતુ એ દર્શાવવાનો છે કે, સમય પરિવર્તનશીલ છે. આજ સંપત્તિ છે, તો સમય જતાં એનો નાશ થવાનો જ છે. યૌવનનું પણ એવું જ છે સમય જતાં યૌવન વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત કરવાનું જ છે અને સરસ્વતી અર્થાત્ જ્ઞાન. જયારે મનુષ્યને પોતાના જ્ઞાનનો અંહકાર જન્મે છે ત્યારે એનો નાશ થાય છે. મનુષ્યનાં જીવનમાં સારો અને ખરાબ સમય આવતા અને જતા જ રહે છે. પરંતુ મનુષ્યએ ધર્મનો માર્ગ ક્યારેય ન છોડવો. એટલે જ ભર્તુહરિ નીતિશતકમાં કહે છે,

"क्वचिद् भूमौशायी क्वचिद् च पर्यंक शयन:,
क्वचित्च्छाकाहार: क्वचिदपि च शल्योदनरुचि: ।
क्वचित्कन्थाधारी क्वचिदपि च दिव्याम्बरधरो,
मनस्वी कार्यार्थी न गणयति दु:खं न च सुखम् ।।"[15]

સૌદાસના આખ્યાનમાં પર જીવને પીડા આપવાનું ફળ રજૂ થયેલું છે. સૌદાસ શિકાર કરવાના હેતુથી વનમાં રતિક્રીડા કરતાં વાઘ યુગલમાંના માદા વાઘને બાણથી વિંધી નાખે છે અને પછી ખબર પડે છે કે વાઘ યુગલના સ્વરૂપમાં રાક્ષસ-રાક્ષસી હતા. રાક્ષસે પોતાની પત્નીના મૃત્યુનો બદલો લીધો. જેના કારણે રાજાને રાક્ષસયોનિ પ્રાપ્ત થઈ. એટલે જ વ્યાસજીએ પાપ અને પુણ્યની વ્યાખ્યા આપતા કહ્યું છે

"परोपकार पुण्याय पापाय पर पीडनम् ।"

અર્થાત્ " પરોપકાર કરવો એ પુણ્ય છે અને કોઈને પીડા પહોચે એવું કાર્ય કરવું એ પાપ છે." માટે ક્યારેય કોઈને પીડા પહોંચે એવું કાર્ય ન કરવું. અન્યથા એ કર્મના ફળરૂપે સ્વયંનો નાશ પણ સંભવ છે. અહીં ભગવદ્ગીતાનો કર્મફળનો સિદ્ધાંત રજૂ થયેલો જોવા મળે છે.

શ્રીમદ્ભગવદ્ગીતામાં કૃષ્ણએ " संभवामि युगे युगे "કહીને દુષ્ટોનો નાશ કરવા અને સજ્જનોના રક્ષણ માટે અવતાર ધારણ કરવાનું કહ્યું છે. પણ પુરાણોમાં એ જ કૃષ્ણ ભક્તોના મનની મનોકામના પૂર્ણ કરવા માટે અવતાર ધારણ કરતા, ભક્તની ભક્તિને વશ થઈને અવતાર ધારણ કરતા નજરે પડે છે. બલિરાજાના આખ્યાનમાં કૃષ્ણ પરમાત્મા અદિતિના ગર્ભે વામન સ્વરૂપે અવતરે છે. બલિથી અદિતિના પુત્રોની રક્ષા કરે છે અને અદિતિની ઈચ્છા પૂર્ણ કરે છે. શુક્રાચાર્ય અને બલિ દ્વારા ગુરુનું મહત્વ બતાવ્યું છે. ગુરુની આજ્ઞાની અવગણના કરવાથી અધ:પતન થાય છે. તો બલિરાજાના માધ્યમથી અતિથિ ધર્મનું સુચારુરૂપે પાલન કરવાથી પરમાત્માના અનુગ્રહની પ્રાપ્તિ થાય છે એ પણ જોવા મળે છે.

[14] ના.પુ.પુ.ભાગ,અ.8/106

[15] નીતિ.,82

ભગીરથના આખ્યાનમાં ગંગામાહાત્મ્ય વર્ણવાયું છે, તો સુમતિરાજાના આખ્યાન દ્વારા મંદિરમાં ધ્વજારોપણનું મહત્વ દર્શાવી એકંદરે મંદિરનું જ માહાત્મ્ય દર્શાવાયું છે. વર્તમાન સમયમાં મંદિરનું મહત્વ ટાંકવું ઘટે. મંદિર તથા દેવપૂજા વિશે સ્વામી વિવેકાનંદનું દ્રઢપણે માનવું છે કે, "પ્રતિમા-પૂજન માણસની આધ્યાત્મિક એકાગ્રતા માટે જરૂરનાં છે."[16]

ત્યાગ એ આત્મ શાંતિનો ઉત્તમમાર્ગ છે. ધન, સંપત્તિનો ત્યાગ એ તો માત્ર બાહ્ય ત્યાગ છે. પરંતુ કામ, મત્સર, ક્રોધ, લોભ, મદ, માયા, મોહ વગેરેનો ત્યાગ જ ખરા અર્થમાં આત્મશાંતિનો ઉત્તમમાર્ગ છે. આ બધાના ત્યાગથી જ મનુષ્ય બ્રહ્મનો સાક્ષાત્કાર કરવામાં સફળ બની શકે છે. જે આપણને વેદમાલીના આખ્યાન દ્વારા જાણવા મળે છે. વેદમાલીના પુત્રો યજ્ઞમાલી અને સુમાલીના આખ્યાન દ્વારા કુટુંબ ભાવનાનો સંદેશો મળે છે. જે પ્રવર્તમાન સમયમાં ખુબ જ આવશ્યક છે. પોતાનો ભાઈ સુમાલી અધર્મી હોવા છતાં પણ યજ્ઞમાલીએ હંમેશા એને ધર્મના પંથે વાળવાના અથાગ પ્રયત્નો કર્યા. પિતાની સંપત્તિનો ભાગ સુમાલીએ અધર્મમાં વેડફી નાંખ્યો હોવા છતાં યજ્ઞમાલીએ પોતાના ભાગની સંપત્તિમાંથી એને વારંવાર ભાગ આપ્યો પણ સુમાલી ધર્મના માર્ગે ન આવ્યો. મૃત્યુ બાદ પણ યજ્ઞમાલીએ યમના દૂતો પાસેથી પોતાના ભાઈ સુમાલીને છોડાવવા માટે પોતાના પુણ્યમાંથી થોડો ભાગ સુમાલીને આપી સુમાલીને નિષ્પાપ બનાવ્યો. આમ અહીં ઉમદા કુટુંબ ભાવના રજૂ થયેલી જોવા મળે છે.

ગુલિક, ઉત્તક, જયધ્વજ, સુધર્મા, રુકમાંગદ, ધર્માંગદ, ઈન્દ્રધુમ્ન વગેરેના આખ્યાનો દ્વારા વિવિધ રીતે વિષ્ણુનું માહાત્મ્ય પ્રતિપાદિત થયેલું છે. આ બધા જ આખ્યાનોમાં વિષ્ણુને જ પરમતત્વમાની, વિષ્ણુને જ સર્વસત્તાધીશ માની એની ભક્તિ કરવામાં આવી છે. વિષ્ણુ પરમાત્મા થકી જ આ જગત કાર્યરત છે. એમની ઈચ્છાથી જ સૃષ્ટિનું સર્જન અને સંહાર થાય છે.

यन्भिजाब्जप्रभावोविधातासृजत्यमुंलोकसमुच्चयं च।
यत्क्रोधजो हन्ति जगच्च रुद्र स्तमादिदेवं प्रणतोअस्मि विष्णुम् ||[17]

સ્વાભાવિક છે કે નારદપુરાણ એ વૈષ્ણવપુરાણ છે એટલે વિષ્ણુની મહત્તા પ્રતિષ્ઠિત કરે એમાં જરા પણ શંકા નથી. પરંતુ આ પુરાણની મહત્વની બાબત એ છે કે આ વૈષ્ણવપુરાણ હોવા છતાં શિવની મહત્તા પણ પ્રતિષ્ઠત કરે છે. ગૌતમ, જૈમિનિ, પરશુરામ વગેરેનાં આખ્યાનોમાં શિવને સર્વેશ્વર બતાવી એમનું મહાત્મ્ય વર્ણવાયું છે. સિદ્ધનાથના આખ્યાનમાં શિવે પાર્વતીને કહેલા તત્વજ્ઞાનની વાત કરી છે. અહીં સિદ્ધનાથનો જન્મ ગંડાન્તયોગમાં થયો હતો એટલે એમના પિતાએ એમને સમુદ્રમાં ફેંકી દીધા હતા. એવું વર્ણન જોવા મળે છે.[18] જ્યોતિષશાસ્ત્ર ગંડાન્તયોગ વિષે જણાવે છે કે,

गण्डे गण्डव्यथायुक्तो बहु क्लेशो महाशिराः।
ह्रस्वकायो महाशूरो बहु रोगी दृढव्रतः ||[19]

---

[16] સ્વામી વિવેકાનંદ પ્રકરણ -37, સનાતન ધર્મનો હકપટ્ટો, પૃ.173
[17] ના.પુ.પુ.ભાગ,અ.38/4
[18] એજન.,69/15
[19] मानसागरी.,पृ.41

પ્રવર્તમાન સમયમાં પણ ગંડાન્તયોગને અશુભ માનવામાં આવે છે. આજે પણ ગંડાન્તયોગમાં જન્મેલા બાળકની ગંડાન્ત શાંતિ કરાવવાની પ્રથા પ્રચલિત છે.[20] શુભકાર્યમાં પણ ગંડયોગની પહેલી ત્રણ ઘડી અને અતિગંડયોગની પહેલી છ ઘડીનો ત્યાગ કરવો એવું જણાવાયું છે.[21] પંચશિખ તથા જનકના આખ્યાનમાં તત્વજ્ઞાનનું નિરૂપણ થયેલું જોવા મળે છે. જેમાં ત્રણ પ્રકારના નિર્વેદની વાત કરવામાં આવી છે. ગર્ભવાસ આદિના કારણે જે કષ્ટો થાય છે, તેનો વિચાર કરી શરીરથી વૈરાગ્ય ઉત્પન્ન થવું એને જાતિનિર્વેદ કહેવાય છે. કર્મજનિત ક્લેશ, વિવિધ યોનિની પ્રાપ્તિ અને નરક-આદિની યાતના પર વિચાર કરી પાપ તથા કામ્ય કર્મોથી વિરક્ત થવું એ કર્મનિર્વેદ કહેવાય છે, તથા આ જગતની નાનામાં નાની વસ્તુથી માંડી બ્રહ્મલોક સુધીના ભોગોની ક્ષણભંગુરતા અને દુઃખરૂપતાનો વિચાર કરી બધા પ્રત્યે વિરક્તિ ઉત્પન્ન થવી એને સર્વનિર્વેદ કહેવામાં આવે છે.[22]

પુરાણકારે ઉપનિષદોનું જ્ઞાન ખૂબ જ સરળતાથી અહીં રજૂ કર્યું છે. तैतरिय उपनिषदनी अतिथि देवो भव[23] તથા "न कञ्च वसतौ प्रत्याचक्षित | तद् व्रतम्"[24] અર્થાત "પોતાના ઘરે આવેલા કોઈને પણ અયોગ્ય ઉત્તર ન આપવો એ એક વ્રત છે" આ અતિથિધર્મના વતની વાત ખાંડિક્ય તથા કેશિધ્વજના આખ્યાનમાં જોવા મળે છે. ખાંડિક્ય તથા કેશિધ્વજ બન્ને વચ્ચે શત્રુતા હોવા છતાં ખાંડિક્ય પોતાની શત્રુતા ભૂલી શરણે આવેલા કેશિધ્વજને પાપ નિવારણનો યોગ્ય માર્ગ બતાવે છે. જે અતિથિધર્મનું ઉત્કૃષ્ટ ઉદારહરણ છે. કારણ કે પૂર્વકાળમાં કેશિધ્વજે જ ખાંડિક્ય પાસેથી રાજસિંહાસન પડાવી લીધું હતું. છતાં ખાંડિક્યએ પોતાની શત્રુતાને ગૌણ ગણી અતિથિધર્મને પ્રાધાન્ય આપ્યું. ખાંડિક્ય તથા કેશિધ્વજના માધ્યમથી પુરાણકારે ईशावास्योपनिषदनी[25]વિદ્યા-અવિદ્યા તથા मुण्डकोपनिषदनी[26] પરા-અપરા શક્તિની એકદમ સરળ રીતે ચર્ચા કરી છે. તો ભરત અને સૌવિર રાજાના સંવાદ દ્વારા પુરાણકારે આ માયાવી સંસારના ઉપભોગની ક્ષણભંગુરતાનો સંદેશ આપ્યો છે. જ્યારે શુકના આખ્યાન દ્વારા મોક્ષ પ્રાપ્તિ જ મનુષ્યનું ઉત્તમ અને એકમાત્ર લક્ષ્ય છે[27] એમ સમજાવ્યું છે. જેમાં તળાવના કાદવમાં ફસાયેલા જંગલના ઘરડા હાથીનું ઉદાહરણ આપી જીવ સંસારની માયાજાળમાં ફસાય છે તે જણાવ્યું છે.[28] અહીં ભાગવતપુરાણનો ગજેન્દ્રમોક્ષ અચૂક યાદ આવે.[29]

અધ્યાય ૭૯માં વર્ણિત હનુમાનચરિત્ર પુરાણકારની કલ્પના આધારિત હોઈ શકે. કારણ કે આવો કોઈ વૃત્તાંત અન્ય કોઈ જગ્યાએ પ્રાપ્ત થતો નથી. આ આખ્યાન શિવની મહત્તા દર્શાવવા જ રચાયું હોવાનું જણાય છે.

---

20 કર્મકૌશલ.,પૃ.353
21 સંદેશ પ્રત્યક્ષ પંચાંગ સંવત 2074 ઈ.સ.2017-18 પૃ.5
22 ના.પુ.પુ.ભાગ,અ.45/22
23 तैतरियउपनिषद, 11/1
24 એજન.,3/10
25 ईशावास्योपनिषद, 9
26 मुण्डकोपनिषद, 1/1/5
27 ના.પુ.પુ.ભાગ,અ.60/42
28 એજન., 60/66
29 ભા.પુ. 8/3

અહીં શિવની ઉપાસના માટે શતરુદ્રિપાઠનું મહત્વ દર્શાવ્યું છે. જે ઉત્તમ છે. कैवल्योपनिषदમાં શતરુદ્રિનું ઘણું જ માહાત્મ્ય વર્ણવાયું છે." શતરુદ્રિનો પાઠ કરનાર અગ્નિ, વાયુ વગેરેથી પવિત્ર થાય છે અને શિવનો આશ્રિત થાય છે.[30]जाबालोपनिषद અનુસાર પણ શતરુદ્રિનો પાઠ કરનાર પુરુષ મોક્ષનો અધિકારી થાય છે.[31] આ આખ્યાનમાં વિષ્ણુ શિવને પ્રશ્ન કરે છે કે, "આ સમસ્ત સંસાર આપનું ધ્યાન કરે છે, આપને નમસ્કાર કરે છે, આપને આહુતિઓ અર્પણ કરે છે. તો પ્રભુ આપ કોનું ધ્યાન કરો છો?"[32] ત્યારે પરમાત્મા શિવ કહે છે કે, "હે ગોવિંદ ! હું નથી ધ્યાન ધરતો કે નથી નમસ્કાર કરતો. માત્ર નાસ્તિક લોકોને પ્રવૃત્ત કરવા માટે જ આ બધું કરું છું, અન્યથા સંસારમાં પાપીઓની વૃદ્ધિ થશે. હું માત્ર લોકોપકારની દ્રષ્ટિથી જ આ કરું છું"[33] પુરાણકાર એક તરફ શિવની મહત્તા દર્શાવે છે અને બીજી તરફ શિવના મુખે જ આવા વચનનો પ્રયોગ એ આ આખ્યાનની અને આખ્યાનકાર બન્નેની મર્યાદા ગણાવી શકાય.

નારદજીનું આખ્યાન આ પુરાણનું મહત્વનું આખ્યાન ગણાવી શકાય. નારદનું નારદી સ્વરૂપમાં પરિવર્તન અને વળી પાછું નારદીમાંથી નારદ એટલેકે પોતાનાં મૂળ સ્વરૂપમાં આવવું. પુરુષમાંથી સ્ત્રી અને સ્ત્રીમાંથી પુરુષના સ્વરૂપને પ્રાપ્ત કરવું. આ સમગ્ર લીલા શ્રીકૃષ્ણ-નારદજીની ભક્તિને વશ થઈને કરે છે. નારદના નારદી(સ્ત્રી) સ્વરૂપને પ્રાપ્ત કરવાની લીલાને આધારે જ આ પુરાણનું નામ નારદીયપુરાણ પડ્યું હશે.

મહાપુરાણના પાંચ લક્ષણોની ચર્ચા આપણે દ્વિતિય પ્રકરણમાં કરી. તેમાંથી આખ્યાનો દ્વારા આપણને ઈશાનુકથા નામનું લક્ષણ ફળીભૂત થતું જોવા મળે છે. જેને આપણે પરમેશ્વરની વિવિધ લીલાઓ તરીકે ઓળખીએ છીએ.આપણે ઘણાં બધાં આખ્યાનોની ચર્ચા કરી જેમાં જોયું કે ઈશ્વરની ઈચ્છા વગર આ સચરાચર જગતમાં કંઈ પણ કાર્ય શક્ય નથી.જેમ સૂર્યનું અસ્તિત્વ સત્ય છે.એમ જ પરમાત્મા સત્ય છે.આ બધી પરમાત્માની જ માયા છે. ઈશ્વર એક છે પણ આપણે જ તેની અલગ-અલગ રીતે ભક્તિ કરીએ છીએ. જે વિષય પર ભક્ત કવિશ્રી નરસિંહ મહેતાનું ખૂબ જ લોકપ્રિય ભજન છે. "હરિ તારા નામ છે હજાર, કયા નામે લખવી કંકોત્રી..." બધાં જ આખ્યાનોમાં સમાનપણે જોવા મળતું તત્વ એટલે ભક્તિતત્વ. ભક્તિનો રસ દરેક આખ્યાનમાં કોઈને કોઈ સ્વરૂપે વણાયેલો જોવા મળે છે.ભક્તિએ ઈશ્વરને પામવાનો ઉત્તમ માર્ગ છે. ભાગવતમાં નવધાભક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે.

श्रवणं कीर्तनं विष्णो: स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्।।[34]

અર્થાત્ "ભગવાનનાં ગુણગાન સાંભળવા, કીર્તન કરવું, ભગવાનનું સ્મરણ કરવું, એમના ચરણોની સેવા કરવી, પૂજા, વંદન, ભગવાન પ્રત્યે દાસપણાનો ભાવ, મૈત્રીભાવ અને ભગવાન પાસે પોતાની જાતને નિવેદિત કરવી એ

[30] केवल्योपनिषद,2/24
[31] जाबालोपनिशद, 3
[32] ના.પુ.પુ.ભાગ,અ.79/116-119
[33] એજન.,79/200,201
[34] ભા.પુ.7/5/23

નવ પ્રકારની ભક્તિ છે." નવધા ભક્તિના આ જ પ્રકારો આપણા વિવિધ આખ્યાનોમાં રજૂ થયેલા જોઈ શકાય છે.

ઈશ્વર પ્રત્યેના અનુરાગને આપણે ભક્તિ તરીકે ઓળખાવી શકીયે. પણ જ્ઞાન વગર ઈશ્વરનું યથાર્થ સ્વરૂપ સમજી શકાતું નથી એટલે ભક્તિ માટે જ્ઞાનની અપેક્ષા રહે છે. જ્ઞાનને હૃદયમાં ઉતારવા માટે ચિત્તશુદ્ધિની જરૂર પડે છે અને ચિત્તશુદ્ધિ માટે નિષ્કામ કર્મની અપેક્ષા જરૂરી છે. આ પરથી ફલિત થાય છે કે, કર્મ, જ્ઞાન અને ભક્તિ એકબીજાની અપેક્ષા રાખે છે. આપણે નવ પ્રકારની ભક્તિ જોઈ. તેમ ધર્મના અનેક માર્ગ છે. ધાર્મિક જીવન ઘડવાના અનેક ઉપાયો છે. ગમે તે પદ્ધતિનું અનુસરણ કરીને ધર્મનું અનુષ્ઠાન કરવું જોઈએ. ભગવાનની ભક્તિ કરવા માટે વેદ અને પુરાણોના જ્ઞાતા સ્વયં વ્યાસજી કહે છે,

केचिद्वदन्ति धनहीनोजन जघन्य:,
केचिद्वदन्ति गुणहीनोजनो जघन्य: ।
व्यासो वदत्यखिलवेदपुराणविज्ञो,
नारायणस्मरणहीनजनो जघन्य: ||[35]

આમ વ્યાસજી પણ ભગવાનની ભક્તિ ન કરનારને હલકો ગણાવે છે અને સદા સર્વદા ભક્તિ કરવા પ્રેરે છે. ભક્તિનો મુખ્ય ઉદ્દેશ્ય જ ભક્તને મોક્ષ અપાવવાનો છે. મોક્ષ એ ભક્તિરૂપી પરિશ્રમનું ફળ છે. મોક્ષ અર્થાત આ જન્મ-મૃત્યુના ચક્રમાંથી છુટકારો. મોક્ષ થયા બાદ જીવને આ સૃષ્ટિ પર પુન: જન્મ લેવો પડતો નથી.

આખ્યાનોનો મુખ્ય હેતુ પણ મનુષ્યને ભક્તિના માર્ગે વાળી અંતે મોક્ષ તરફ લઈ જવાનો છે. જે આપણને આખ્યાનોના અભ્યાસ દ્વારા સહેલાઈથી અને સ્પષ્ટ રીતે સમજાય છે. પુરાણકારે આપણી સમક્ષ અનેક આખ્યાનો રજૂ કર્યા છે. જેના શ્રવણ માત્રથી જ આપણા હૃદયમાં પ્રભુભક્તિ પ્રત્યેની ઈચ્છા જન્મે છે અને આપણે સ્વાભાવિક રીતે જ પ્રભુભક્તિ તરફ પ્રેરાઈએ છીએ અને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા- વિશ્વાસ રાખી અંતે મોક્ષ પણ પ્રાપ્ત કરી શકીએ છીએ. આમ સામાન્ય માણસને પણ પ્રભુભક્તિ દ્વારા મોક્ષ સુધી પહોંચાડવાનો પુરાણકારનો આ પ્રયાસ સફળ રહ્યો છે. એમ આપણે ચોક્કસ કહી શકીએ.

## સંદર્ભ સૂચી

1.Sir monier Williams, Sanskrit-English Dictionary. page.129
2.મનુસ્મૃતિ
3.સાહિત્ય દર્પણ
4.મહાભારત, આદિપર્વ
5.સ્વામી વિવેકાનંદ પ્રકરણ -37 સનાતન ધર્મનો હકપટ્ટો પૃ.173
6.કર્મકૌશલ
7.સંદેશ પ્રત્યક્ષ પંચાંગ સંવત 2074 ઈ.સ.2017-18 પૃ.5
8.નિતિશતક

35 काव्यविनोद:, पृ. 44

Vol. 9, Issue: 7, July: 2021
(IJRSML) ISSN: 2321 - 2853

9.मानसागरी
10.तैतरियउपनिषद
11.ईशावास्योपनिषद
12.मुण्डकोपनिषद
13.श्रीमद्भागवतपुराणम्
14.केवल्योपनिषद
15.जाबालोपनिशद
16.श्रीमद्भागवद् पुराणम्
17.काव्यविनोदः
18.નારદપુરાણ
19.पुराण विमर्श
20.वाचस्पत्यम् प्रथमोभाग:
21.शब्दकल्पद्रुम प्रथमोभाग:
22.संस्कृत शब्दार्थ कौस्तुभ